# અમદાબાદનો શિલાલેખ.

## ( ૫૫૬ )

આ લેખ અમદાબાદમાં આવેલી સુપ્રસિદ્ધ હઠીભાઇની વાડીના ધર્મનાથ મંદીરનો છે. લેખની ઉંચાઇ ૨ ફીટ ૯ ઇંચ અને પહોળાઈ ૧ ફુટ ૭ાા ઇંચ છે. લેખની પંક્તિઓ ૩૯ છે. ભાષા સંસ્કૃત અને શ્લોકમય છે. શ્લોક સંખ્યા ૩૪ છે. સાર આ પ્રમાણે:—

અમદાબાદ નગરમાં, અંગરેજ બહાદુર કંપની સરકારના રાજ્ય અમલ વખતે, ઉકેશ (ઓસવાલ) વંશમાં જીવદયા ધર્મ પાલનાર શાહ શ્રીનિહાલચંદ્ર નામે એક પ્રસિદ્ધ પુરૂષ થયો. તેનો પુત્ર શાહ શ્રીખુસાલ ચંદ્ર થયો. તેની માણુકી નામા ધર્માત્મા પત્ની હતી. તેના ઉદરે કેશરી-સિંહ નામે પુત્ર અવતર્યો. તેને સૂરજ નામે પત્નીથી સુપ્રસિદ્ધ શેઠ શ્રીહઠીસિંહ નામે સુતરત્ન થયો જેણે જાતેજ વિપુલ દ્રવ્ય મેળવ્યું અને પોતાને હાથે જ મુક્તહસ્તે ખાધું ખર્ચ્યું. તે શેઠે અમદાબાદની ઉત્તર બાજુએ એક ભવ્ય વાડી બનાવીને તેની અંદર સુંદર નવીન જિન મંદિર બંધાવ્યું અને અનેક જિન પ્રતિમાઓ કરાવી. એ મંદિર ૫૨ જિનાલયવાળું છે. એને ત્રણ માળ અને ત્રણ શિખર છે. બે રંગ મંડપો છે. એવા એ મનહર મંદિરની અંદર શાંતિસાગગસૂરિના હાથે પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી. ( શ્લો. ૧–૮ )

---

+ આ ગચ્છમાં પણ ઉપરોક્ત ગચ્છ પ્રમાણે એક સરખાં નામવાળાં અનેક આચાર્યો થયા છે તેમજ સિદ્ધસૂરિ અને કક્કસૂરિ જેવાં નામો દર ત્રીજી ચોથી વારે આવે છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯ માંથી ૧૨ માં શ્લોક સુધી ગુજરાત દેશ અને અમદાબાદ શહેરનું વર્ણન આપ્યું છે. એજ શહેરમાં વ્યાપારિઓનો આગેવાન અને અખૂટ ધનનો સ્વામી એવો એ પૂર્વે જણાવેલો હઠીસિંહ નામે શેઠ રહેતો હતો. તેને એક રૂકિમણી અને બીજી હરકુંઅર નામે સુચતુર પત્ની હતી. જયસિંહ નામે તેમનો સુપુત્ર હતો. જ્યારે હઠીસિંહ શેઠ સ્વર્ગે ગયા ત્યારે તેમના કથનાનુસાર તેમની શુશીલ સ્ત્રી હરકુંઅરે ઉપર વર્ણવેલું મંદિર વિગેરે સઘળું કામ પૂર્ણ કરાવ્યું હતું. શેઠાણી હરકુંઅર જો કે સ્ત્રી હતી પરંતુ તેણે પુરૂષો પણ ન કરી શકે એવાં મહાન્ કામો કર્યાં હતાં. ( શ્લો. ૧૬ ) તેણે ઉકત મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ગામે ગામ કુંકુમ પત્રિકાઓ અને દૂતો મોકલીને સઘળા ઠેકાણેના ચતુર્વિધ સંઘોને આમંત્રણ આપ્યું હતું. તદનુસારે હજારો ગામોના લોકો અને સંઘો હર્ષભેર અમદાબાદ આવ્યા હતા. અનેક આચાર્યો અને સંઘપતિઓ સાથે સંઘ લઇને આવ્યા હતા. એકંદર, ચાર લાખ મનુષ્યો એ વખતે ભેગા થયા હતા. શેઠાણી હરકુંઅરે એ બધા સાધામભાઇઓનું ઘણું ધન ખર્ચી સ્વાગત કર્યું હતું. સંવત ૧૯૦૩ ( શાકે ૧૭૬૮ ) ના માઘ માસની સુદ છઠના દિવસે પ્રતિષ્ઠા મહોત્સવની શુરૂઆત થઇ હતી અને આડંબરપૂર્વક જલયાત્રાનો મોટો વરઘોડો એ દિવસે કાઢવામાં આવ્યો હતો. પછી, સાતમના દિવસે કુંભસ્થાપના કરવામાં આવી હતી. અને આઠમ-નવમના દિવસે નંદ્યાવર્તનું પૂજન કરવામાં આવ્યું હતું. દશમીના દિવસે દિકપાલ, ક્ષેત્રપાલનું પૂજન અને એકાદશીના દિવસે વીસસ્થાનકની પૂજા ભણાવવામાં આવી હતી. બારસના દિવસે શ્રાવકોએ સિદ્ધ ચક્રાદિનું પૂજન કર્યું હતું અને તેરસના દિવસે ચ્યવન-મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ચતુર્દશીના દિવસે જન્મ મહોત્સવ અને પૂનમના દિવસે સ્નાત્રમહોત્સવ રચવામાં આવ્યો હતો. માઘ વદિ એકમના દિવસે અષ્ટાદશાભિષેક કરવામાં આવ્યો અને બીજના દિવસે પાઠશાળાગમનોત્સવ થયો. ત્રીજના દિવસે વિવાહ-મહોત્સવ, ચોથના દિવસે દિક્ષામહોત્સવ અને પાંચમના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસે નેત્રોન્મીલન ( અંજન શલાકા ) ની ક્રિયા કરવામાં આવી. છઠથી લઇને દશમી સુધી, મંદિર ઉપર કલશ, ધ્વજ, દંડની સ્થાપના સાથે પ્રસાદ પ્રતિષ્ઠા કરવામાં આવી. એકાદશીના દિવસે મંદિરમાં બિંબ પ્રવેશ અને તેમની સ્થાપના કરવામાં આવી. મૂલનાયક તરીકે શ્રીધર્મનાથ તીર્થંકરની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી.

આ પ્રશસ્તિ, બૃહત્ખરતર ગચ્છની ક્ષેમશાખાવાળા મહોપાધ્યાય હિતપ્રમોદના શિષ્ય પં. સરૂપે બનાવી, મોઢ ચાતુર્વેદી બ્રાહ્મણ વનમાલીદાસના પુત્ર વિજયરામે લખી અને સલાટ રહેમાનના પુત્ર ઇસફે કોતરી હતી.

( ૫૫૭ )

આ લેખ શત્રુંજય પર્વતના મૂળ શિખર ઉપર આદીનાથની ટુંકમાં, હાથી પોળ આગળ એક પત્થર ઉપર કોતરેલો છે. સં. ૧૮૬૭ ના ચૈત્રસુદી પૂર્ણીમાના દિવસે સમસ્ત સંઘે મળીને એવો એક ઠરાવ કર્યો હતો કે હવે પછી કોઇએ હાથી પોળના ચોકમાં નવું મંદિર ન બંધાવવું. તે ઠરાવની નોંધ આ લેખમાં કરેલી છે. લેખ ગુજરાતી ભાષામાંજ લખાએલો હોઇ સ્પષ્ટ સમજાય તેવો છે.

શત્રુંજય ઉપર લોકો એટલાં બધાં મંદિરો બંધાવવા લાગ્યા કે જેના લીધે લોકોને જવા આવવાના રસ્તાની પણ અડચણ પડવા લાગી. ત્યારે ઘણાક ગામોના આગેવાનો ભેગા થયા તેવા એક પ્રસંગે ઉપરનો લેખ કરી એટલા ભાગમાં તો મંદિરો બંધાવવાનું બંધ કરવામાં આવ્યું.

સમાપ્ત.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org